# Prime Minister of Denmark calls on the President of India

October 09, 2021

# ડેન્માર્કના વડાપ્રધાને ભારતના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

ઓક્ટોબર 09, 2021

ભારતની સત્તાવાર મુલાકાતે આવેલા કિંગ્ડમ ઓફ ડેન્માર્કના વડાપ્રધાન મેટ ફ્રેડ્રિકસને આજે (9 ઓક્ટોબર, 2021) રાષ્ટ્રપતિ ભવનમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ સાથે મુલાકાત કરી હતી. ડેન્માર્કના વડાપ્રધાન એ કોવિડ - 19 રોગચાળો શરૂ થયો ત્યાર પછી રાષ્ટ્રપતિને મળેલા કોઈ સરકારના પ્રથમ વડા છે.

વડાપ્રધાન અને તેમના પતિને ભારતમાં આવકારતાં રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ભારત અને ડેન્માર્ક લાંબા સમયથી મિત્રો છે અને આપણા ઉષ્માભર્યા અને મૈત્રીપૂર્ણ સંબંધો ઐતિહાસિક છે તેમજ સમાન મૂલ્યો અને આકાંક્ષા સાથે જોડાયેલા છે. ભારત અને ડેન્માર્ક વચ્ચે તાજેતરમાં શરૂ થયેલી ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ આપણા સંબંધોને વધુ મજબૂત બનાવશે. તેમણે ઉમેર્યું હતું કે ભારત અને ડેન્માર્ક વચ્ચે મજબૂત વેપાર અને રોકાણ સંબંધો છે. તેમણે ટિપ્પણી કરી હતી કે મેક ઇન ઇન્ડિયા, જલ જીવન મિશન, સ્માર્ટ સિટીઝ, ડિજિટલ ઇન્ડિયા, સ્ટાર્ટ-અપ ઇન્ડિયા, ક્લીન ઇન્ડિયા, ક્લીન ગંગા જેવા મુખ્ય રાષ્ટ્રીય મિશનને આગળ ધપાવતા ડેનિશ જાહેર અને ખાનગી ક્ષેત્રો ભારતમાં ઘણા રાજ્યોમાં સક્રિયપણે સામેલ હતા.

રાષ્ટ્રપતિએ કિંગ્ડમ ઓફ ડેનમાર્કના મહારાણી, માર્ગરેટ દ્વિતિયને આગામી વર્ષે ભારતની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું હતું, જે તેમના શાસનની સુવર્ણ જયંતીની સાથે સાથે ભારતની આઝાદીના 75 વર્ષનો મહત્વનો પ્રસંગ પણ છે. તેમણે ઉમેર્યું કે 1963માં ક્રાઉન પ્રિન્સેસ તરીકે હર મેજેસ્ટી, ડેનમાર્કના રાણી, માર્ગરેથ દ્વિતિયની ભારત મુલાકાતને હજુ પણ ભારતમાં ઉષ્માભેર યાદ કરવામાં આવે છે.

ભારતમાં કોવિડ-19ની બીજી લહેર વખતે પડખે ઉભા રહેવા બદલ રાષ્ટ્રપતિએ ડેન્માર્કના વડાપ્રધાન અને ડેન્માર્કની સરકાર તથા લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 09, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.